ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૬-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

મોદી વિઝન : નવી સરકારનો લોકાભિમુખ સર્વાશ્લેષી-વિકાસલક્ષી અભિગમ

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા સંસદના સંયુક્ત અધિવેશનમાં રજૂ થયેલ અભિભાષણ એ હકીકતમાં અત્યંત ચીવટપૂર્વક મુદ્દાસર તૈયાર કરાયેલું 'મોદી વિઝન' છે. આપણી સંસદીય લોકશાહીમાં રાષ્ટ્રપતિ બંધારણીય વડા તરીકે ચૂંટાયેલી લોકપ્રિય સરકારને જયારે 'મારી સરકાર' કહેતા હોય છે ત્યારે એમને પણ ખબર હોય છે કે સરકારનો સાચો દોર તો વડાપ્રધાન હસ્તક હોય છે. નરેન્દ્ર મોદીએ દેશભરમાં ઝુઝારુ પ્રચારસભાઓ યોજીને પ્રજાજનોને જે કંઈ વચનો આપ્યાં હતાં તે તમામને આવરી લેતું પ્રવચન એમના તજજ્ઞ સ્ક્રિપ્ટ રાઈટરોએ તૈયાર કરીને આપ્યું અને પ્રણવ મુખર્જીને ઔપચારિક પરંપરાની રૂએ તે વાંચવું પડ્યું. પ્રણવ મુખર્જીએ આખું ભાષણ નિષ્ઠાપૂર્વક અંગ્રેજીમાં વાંચ્યા પછી ઉપરાષ્ટ્રપતિએ શબ્દના સાચા અર્થમાં વેઠ ઉતારતા હોય એ રીતે એનો આંશિક હિંદી અનુવાદ રજૂ કરવાની ઔપચારિકતા નિભાવી, જે સાંભળીને સામે બેઠેલા સાંસદોએ જ નહીં, લાઈવ કવરેજ જોનારા પ્રેક્ષકોએ પણ હળવો ધક્કો જ અનુભવ્યો હશે. ઉપરાષ્ટ્રપતિ ડૉ. હામિદ અંસારીને હિંદી વાંચતાં નથી આવડતું એનો દેશની પ્રજાને અનુભવ થયો. સંયુક્ત સત્રમાં તમામ વરિષ્ઠ નેતાઓને એમના વર્ચસ્વ મુજબ બેઠકો ફાળવાઈ હતી. એ રૂએ પૂર્વ વડાપ્રધાન ડૉ .મનમોહનસિંહ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાજયસભાના નેતા અરુણ જેટલી સાથે એક જ પાટલી પર બેઠા હતા તો વળી અડવાણી, સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન દેવગૌડાને પણ પહેલી હરોળમાં એક જ પાટલી પર બેસાડાયાં હતાં. રાષ્ટ્રપતિના ભાષણમાં નરેન્દ્ર મોદી મૂળ મંત્ર 'સૌનો સાથ, સૌનો વિકાસ' મધ્યવર્તી વિચાર તરીકે વ્યકત થતો રહ્યો. એમાં દેશની ખડી ગયેલી અર્થવ્યવસ્થાને પાટા પર લાવવાની વાત કરાઈ તો મોંઘવારી નાથવાની બાબતને પણ મહત્વ અપાયું. મોદીએ ઈન્દિરા ગાંધીની જેમ ગરીબી ઉન્મૂલનની વાત કરી અને દરેક પરિવારના માથે છાપરું હોય, જેમાં ચોવીસે કલાક વીજળી ઉપલબ્ધ હોય તથા શૌચાલય પણ હોય- એવી રમણીય સંકલ્પના રજૂ કરી. ગામડાંમાં પણ શહેર જેવી જ સુવિધાઓ અને રોજગારી ઉપરાંત સો નવાં 'સ્માર્ટ' શહેરો વિકસાવી દેશને આધુનિક ઓપ આપી ગૌરવવંતો બનાવવાની સાથે જ હિમાલય અને ગંગાના સંરક્ષણ અને શુદ્ધીકરણનો ખ્યાલ પણ રજૂ કરાયો. આરોગ્ય સેવાઓમાં યોગનો સમાવેશ કરવા ઉપરાંત મહિલાઓને ગમે એવા 'બેટી બચાવો- બેટી પઢાવો' બિલની વાત અને ૩૩ ટકા અનામતની પણ આવી. દૂરવર્તી ગ્રામીણ પ્રદેશો સુધી પાકી સડક ઉપરાંત નાનાં શહેરોને ઍરપોર્ટથી જોડવાની અને દરેક ગામડાને બ્રૉડબૅન્ડથી જોડવાની રજૂઆત પણ કરાઈ. યુવાનોને રોજગારી અને આદિવાસીઓના ઉત્કર્ષ ઉપરાંત લઘુમતીઓના પછાતપણાને નાબૂદ કરવા મદરેસાઓના આધુનિકીકરણ પર ભાર મુકાયો. મોદી સરકાર આગામી પાંચ વર્ષ દરમિયાન દરેક રાજયમાં તબક્કાવાર આઈઆઈટી અને આઈઆઈઍમ ખોલવા કૃતસંકલ્પ છે. લઘુમતીઓને દેશના મહાપ્રવાહ સાથે જોડવા જરૂરી એવાં તમામ પગલાં ભરવાની તૈયારી દર્શાવાઈ છે. રાજયો અને કેન્દ્ર 'ટીમ ઈન્ડિયા' તરીકે વર્તશે. કૃષિ ક્ષેત્રે વિશેષ ધ્યાન આપવાની સાથે ઉદ્યોગોને ભારે પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવાશે અને વિદેશો સાથે સુલેહભર્યા સંબંધો રાખી તેઓ ભારતમાં નાણાંકીય રોકાણ કરે એવું વાતાવરણ બનાવશે. ભ્રષ્ટાચારને આ સરકારમાં દેશવટો મળી જશે અને સરહદો પર થતી ઘૂસણખોરી અટકાવશે. મોદી સરકાર આંતરિક અને બાહ્ય આતંકવાદને મજબૂત પડકાર આપી ખતમ કરવા માગે છે. વળી સંરક્ષણ ક્ષેત્રે વિદેશી રોકાણનો માર્ગ ખુલ્લો કરીને નવો ચીલો ચાતરવા કટિબદ્ધ છે. તમામ પાડોશી રાષ્ટ્રો ઉપરાંત પ્રગતિશીલ દેશો સાથે સુલેહભર્યા સંબંધો કેળવી સરકાર પાંચ વર્ષ પછી આવનારી મહાત્મા ગાંધીની દોઢસોમી જયંતી સુધીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મહાસત્તા તરીકે ઊપસી રહે એવો પ્રયત્ન કરાશે. મૂળે આ મોદીનું વર્ષો જૂનું સપનું છે. હવે એ સાકાર કરવાની દિશામાં સરકાર કેટલે અંશે સફળ થાય છે, તે જોવું રસપ્રદ બની રહેશે. કોઈ એક જ વ્યક્તિના વિચારો સમગ્ર સરકારનો એજન્ડા બની રહે એવું કદાચ પહેલી જ વાર બન્યું છે. કાશ્મીરી પંડિતોને એમની ભૂમિમાં પરત મોકલવાની વાત કેટલે અંશે અમલી બની શકશે તે પ્રશ્ન જ છે, પરંતુ સરકાર આ મુદ્દે કૃતનિશ્ચયી છે. એ દૃષ્ટિએ પણ રાષ્ટ્રપતિનું આ અભિભાષણ આજ સુધીનાં તમામ અભિભાષણો કરતાં નોખું તરી આવે છે. આપણે મોદી સરકારને એમના 'વિઝન'ના અમલીકરણ માટે શુભેચ્છા પાઠવીએ.

શહેરની શાળાઓમાં પ્રવેશ હાઉસફૂલ પ્રવેશ કાર્યવાહી લગભગ પૂર્ણતાના આરે

હોસ્ટેલ અને સ્કૂલ વાહનોમાં પણ જગ્યા નથી ભાડે મકાનો શોધવા વાલીઓની દોડાદોડી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર એ શિક્ષણ ક્ષેત્રનું હબ બની ગયું છે. તેમજ પરિણામલક્ષી અભ્યાસના કારણે રાજ્યમાંથી ગાંધીનગર શહેરમાં પોતાના સંતાનોને ભણાવવાનો એક જુદે જ ક્રેઝ ઉભો થયો છે. જેના ફળસ્વરૂપ હાલ શહેરની શાળાઓમાં પ્રવેશ હાઉસફૂલ થઈ ગયા છે. વધુમાં અન્ય સ્થળોએથી આવતા વિદ્યાર્થીઓના મેરીટ ઉપર જ પ્રવેશ કાર્યવાહી શાળાઓ કરતી હોવા છતાં પણ પ્રવેશ માટે હજુ પણ પૂછપરછ ચાલુ જ છે. તો બીજી તરફ શૈક્ષણિક સત્ર શરૂ થઈ જતા પ્રવેશ કાર્યવાહી લગભગ પૂર્ણતા તરફ જઈ રહી છે.

પરિણામલક્ષી અભ્યાસ, યોગ્ય સુવિધાસભર શૈક્ષણિક સંકુલ, નિષ્ણાંત શિક્ષકો અને પૂરતી તકેદારી જેવા ગુણવત્તાયુક્ત પરિબળો થકી શહેરની શાળાઓ રાજ્યભરમાં નામના મેળવી છે. જેથી રાજ્યમાંથી અનેક વાલીગણ પોતાના સંતાનોને ગાંધીનગરમાં ભણાવવાનો અભરખો રાખે છે.જેમાં મેરીટ ગુણાંકને ધ્યાને લઈ શહેરની શાળાઓ પ્રવેશ આપતી હોઈ ઉચ્ચ ટકાવારી ધરાવતો વિદ્યાર્થીગણ પ્રવેશલાયક બન્યો છે. છતાં પણ શહેરની સરકારી અને ખાનગી શાળાઓમાં પ્રવેશ ભરચક બની ગયા છે. તો સાથોસાથ શહેરની હોસ્ટેલો તેમજ શાળાએ લઈ જતાં અને મુકી જતા વાહનોમાં પણ જગ્યા નથી જેવા નિર્દેષો પ્રાપ્ત થયા છે.

હાલ જ્યારે નવા શૈક્ષણિક સત્રનો ગઈકાલથી પ્રારંભ થઈ ગયો છે ત્યારે શહેરની શાળાઓએ લગભગ પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરવાની તૈયારી કરી દીધી છે. જેમાં પહેલેથી જ બુકીંગ કરાવી ગયા હોય અને પ્રવેશ ફી ન ભરાયેલી હોય તેવા વિદ્યાર્થીઓની રાહ જોવાઈ રહી છે જે માટે પણ વેઈટીંગ લીસ્ટ લાંબુ થઈ ગયું છે. બીજી તરફ શાળામાં પ્રવેશ મળ્યા હોય પરંતુ રહેવા-જમવાની વ્યવસ્થા ન થઈ હોય તેવા પ્રસંગે વાલીઓ ભાડે મકાન શોધવાની દોડાદોડીમાં લાગી ગયા છે. આમ ગાંધીનગર શહેર શિક્ષણક્ષેત્રે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી ન લેતાં ઉચ્ચ પરિણામો પ્રાપ્ત થયા છે. જેના પ્રત્યાઘાત સ્વરૂપે ગાંધીનગર શહેરમાં શિક્ષણ પ્રાપ્ત કરવાની હોડ લાગી છે.

હરિની દૃષ્ટિ...

બહેન બાળકની ચિંતા ન કરો, ક્લાસ રૂમમાં ઓટો ટેમ્પરેચર રીડીંગ સિસ્ટમ લગાવી છે. ૪૫°થી વધે કે તરત જ રજાનો બેલ વાગી જશે...!!

જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયે થાઈ બોકસીંગમાં ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા. ૯

ઈન્ટરનેશનલ રમત સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગની બહેનોએ ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ મેળવેલ છે. વિજેતા બહેનોને શાળાના આચાર્યા સંતોકબહેન ચૌધરી, વ્યાયામ શિક્ષક લીલાબહેન ચૌધરી, સુતરીયા મિનાક્ષીબહેનને અભિનંદન પાઠવેલ હતા. અંજના જે. ચૌધરી ધોરણ-૧૦ ગોલ્ડમેડલ, લક્ષ્મી આર. ચૌધરી ધોરણ-૧૨ ગોલ્ડ મેડલ, શીતલ કે. ચૌધરી ધોરણ-૧૦ સિલ્વર મેડલ મેળવેલ છે.

અમદાવાદ પરિસંપત્તિ ઉજવે છે વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૧૪

શ્રી બી. ચતુર્વેદી જીસીએમ-કાર્યકારી પરિસંપત્તિ પ્રબંધક અમદાવાદ પરિસંપત્તિએ આવનારી પેઢીને બહેતર માતૃભૂમિનો વારસો આપવા પર્યવરણ સુધારવાના મજબુત સંદેશનો પ્રચાર કરવા દ્વારા અગ્ર હરોળમાં આગેવાની લીધી. શ્રી બી. ચતુર્વેદીએ પમી જૂન-૨૦૧૪ના રોજ રોપાઓના વાવેતર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સુયોજીત કરી.

શ્રી યુ.સી. શર્મા-હેડ એચએસઈએ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના મહત્ત્વનું વર્ણન કર્યું અને આપણી આસપાસના પર્યાવરણની સુધારા પરત્વેના પગલાં સંબંધિત પ્રયત્નોમાં ફાળો આપવાની અપીલ કરી.

બધા વરિષ્ઠ પ્રબંધકો અને અધિકારીઓ, એએસટીઓ, પીએમએમ, મહિલા વિકાસ મંચ કાર્યાલયના પદાધિકારીઓ વગેરે અને કર્મચારીઓના યજમાને પરિસંપત્તિના ગોલ્ફ કોર્સ અને ગામીજ ઈપીએસ-II માં વૃક્ષારોપણ ઝુંબેશમાં ઉત્સાહ પુર્વક ભાગ લીધો.

વિશ્વ પર્યાવરણના વિષયનો પ્રચાર કરવા માટે અને કર્મચારીઓને પર્યાવરણીય સુધારણાનો ભાગ બનવા પ્રોત્સાહિત કરવા માટે પર્યાવરણ સુરક્ષા સંદેશના લોગો અને બેનર્સ સુસ્પષ્ટ રીતે વ્યુહાત્મક સ્થળોએ લગાવવામાં આવ્યા અને કરારી કર્મચારીઓ સહિત કર્મચારીઓમાં લોગો અને સંદેશા સહિતની ટોપીઓ વહેંચવામાં આવી.

અમદાવાદ એચએસઈ પરિસંપત્તિના સીઈ (ઈલેક્ટ.) શ્રી હેમેન્દ્ર સક્સેનાએ પર્યાવરણીય સુધારણાના ઉમદા હેતુમાં ફાળો આપવા બદલ દરેકનો આભાર માનવાના મતની દરખાસ્ત મૂકી.

એલ.એલ.એમ. પ્રવેશ પ્રક્રિયા શરૂ

ગાંધીનગર, તા.૯

સેક્ટર-૧૬માં આવેલ સિધ્ધાર્થ લો કોલેજમાં એલ.એલ.એમ.ની પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. એલ.એલ.એમ.માં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા.૧૦ જૂનથી તા. ૧૭ જૂન સુધી સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન કોલેજ ખાતે આવેદનપત્રો સ્વીકારવામાં આવશે.

કડી બી.બી.એ. કોલેજમાં વિદ્યાર્થીઓને નોકરી માટે કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા સેમેસ્ટર ૩ અને ૫માં અભ્યાસ કરી રહેલા તેમજ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ માટે એસ્યોર મેનેજમેન્ટ કન્સલ્ટન્સી દ્વારા સફળતાપૂર્વક જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટમાં આશરે ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો જેમાંથી પસંદગી પામ્યા હતા. ઉમેદવારો ઉમેદવારો વોડાફોન, મોટીફ, એસેન્ડમ, અઝુરે, મેગ્નેનીમસ તથા આઈ.સી.એફ.એ.આઈ. યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત સંસ્થાઓમાં ઓછામાં ઓછા માસિક રૂ. ૧૮,૦૦૦નાં પગારથી ટુંક સમયમાં જોડાઈને પોતાની કારકિર્દીનો આરંભ કરશે. ગાંધીનગર ગાંધીનગર બી.બી.એ. કોલેજમાં એડમિશન લેવા માટે આવનાર વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ કોલેજ દ્વારા નિયમીતપણે ચાલતી પ્લેસમેન્ટની પ્રવૃત્તિને વખાણી હતી અને બી.બી.એ. જેવા પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ મેળવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ જોબ પ્લેસમેન્ટને સફળ બનાવવા માટે બી.બી.એ. કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં નેતૃત્વમાં ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈએ જહેમત ઉઠાવી હતી.

સીબીએસઈ ધોરણ-૧૦ની માર્કશીટ નહીં મળતાં ચિંતા

અન્ય શાળાઓમાં પ્રવેશ લેવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે નવી વિગતો સપાટી પર આવી

અમદાવાદ, તા.૦૯

સીબીએસઈ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરાયાના ૧૯ દિવસ બાદ પણ વિદ્યાર્થીઓની માર્કશીટ ન આવતા હજારો વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. અમદાવાદ સહિત રાજ્યની સીબીએસઈ બોર્ડ ધરાવતી શાળાઓમાં મોટાભાગે ગર્વમેન્ટ અધિકારીઓના સંતાનો અભ્યાસ કરતા હોય તેમને અન્ય શાળાઓમાં એડમિશન લેવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની હકીકત બહાર આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સીબીએસઈ દ્વારા અજમેર ઝોનનું પરિણામ ગત તા. ૨૦ મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૮મી મેના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું. સીબીએસઈ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ ૧૯ દિવસ અગાઉ જાહેર કરી દેવાયું હોવા છતાં હજુ સુધી અજમેર ઝોનના વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવી નથી જ્યારે ધોરણ-૧૨માં પણ અમારી શાળાના અધિકારીઓને અજમેર ખાતે પરિણામ લેવા મોકલ્યા હતા. આથી, ત્યાંથી ધોરણ-૧૨ની માર્કશીટ આવી ગઈ છે. સીબીએસઈ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ ગત ૨૮મી મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ હજુ સુધી રાજ્યની સ્કુલના વિદ્યાર્થીઓની માર્કશીટ જ અજમેર ઝોન દ્વારા આપવામાં આવી છે જ્યારે અન્ય શાળાઓના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ હજુ પણ માર્કશીટથી વંચિત હોવાનું જાણવા મળે છે. આગામી બે-ત્રણ દિવસમાં માર્કશીટ મળી જશે તેવો વાયદો શાળાઓને કરાયાનું જાણવા મળે છે. જો કે, માર્કશીટ ન આવતા અને ફોર્મ ભરવાની મુદત પુરી થતી હોવાથી શાળાઓ દ્વારા વૈકલ્પિક રસ્તો સુચવવામાં આવી રસ્તો છે જે મુજબ અન્ય શાળામાં ધોરણ-૧૧માં એડમિશન મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ ઓનલાઈન નેટ પરથી પોતાની માર્કશીટની કોપી કાઢી લઈ તેમાં પોતાની શાળાના પ્રિન્સિપાલના સહી-સિક્કા કરાવી લઈ અન્ય શાળામાં અરજી કરી શકશે.

બાળકની દુનિયામાં વિસ્યમનું વર્ચસ્વ હોય છે! તેની દુનિયામાં અર્થનું નહિ, અવાજનું મહત્ત્વ હોય છે, દુનિયાને એ કાનથી અને સ્પર્શથી ઓળખવા મથે છે : સુરેશ દલાલ

બાળ દેવો ભવ:
નેહલ ગઢવી

બાળગીતો અને બાળવાર્તાઓ એ બાળકોને મળેલો એક અમૂલ્ય ખજાનો છે. કારણ કે તેમાં બાળપણના સંભારણા છુપાયેલા હોય છે. દાદા-દાદીનું બાળ અનુસંધાન પણ આ વાતના માધ્યમથી જ મજબૂત થાય છે. દરેકની સ્મૃતિમાં "વો કાગઝ કસ્તી વો બારીશ કા પાની" વાળી વાત હંમેશા લીલીછમ્મ રહેતી હોય છે. આ બાળગીતો અને વાર્તાઓમાં છુપાયેલો સંદેશ બાળમાનસ પર ઊંડી છાપ ઊભી કરે છે અને આ અસર તેના ભવિષ્યના વ્યક્તિત્વ વિકાસ અને ઘડતરમાં પણ મદદરૂપ બને છે. બાળપણમાં સહજપણે ગવાતી કે વંચાતી આ નાની-નાની વાતોમાં રહેલ સાર બાળક સતત માણસો રહે છે. સુરેશ દલાલનો શબ્દોમાં કહું તો, "બાળકની દુનિયામાં વિસ્યમનું વર્ચસ્વ હોય છે! તેની દુનિયામાં અર્થનું નહિ, અવાજનું મહત્ત્વ હોય છે. દુનિયાને એ કાનથી અને સ્પર્શથી ઓળખવા મથે છે." કુદરત સાથેનું અનુસંધાન આ બાળગીતો-વાર્તાઓ દ્વારા સધાતું હોય તેમ જણાય છે. જુગતરામ દવેનાં આ બાળગીતથી બાળકોનાં સ્પષ્ટ ઉચ્ચારણની શરૂઆત થતી હશે!

"ચકીબહેન, ચકીબહેન, મારી સાથે રમવા
આવશો કે નહિ?
આવશો કે નહિ?
બેસવાનો પાટલો, સુવાને ખાટલો,
ઓઢવાને પીછા આપીશ તને,
આપીશ તને."

આ બાળગીતમાં ચકલી રમવા માટે બોલાવવા બાળકને પોતાની વસ્તુઓ વહેંચવાની વાત શીખવવામાં આવે છે. તેમજ આ ગીતો ગાવાથી તેમની ભાષાશુદ્ધિની સાથોસાથ શબ્દભંડોળનો પણ વિસ્તાર થાય છે. ઉપરાંત મહેમાનને આવકારી તેની પરોણાગત કરવાનાં સંસ્કાર પણ સહજ રીતે પ્રગટે છે, વિસ્તરે છે.

પરંતુ, સમય જયાં આધુનિક ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો આવવાથી બાળકો બાળગીતોથી વિમુખ બન્યા અને ચકલી અને ખિસકોલી સાથે રમવાને બદલે વિડિયો ગેમ્સ અને સ્માર્ટ ફોન્સમાં વ્યસ્ત બની ગયા અને પરિણામે, આ જુના બાળગીતો - બાળવાર્તાઓ સાથે ચકલી પણ દેખાતી નહિવત બની! મનુભાઇ પંચોળી-દર્શક લખે છે કે, 'ડંખ વગરના માણસો પેદા કરવાનું કામ બાળ-કેળવણીએ કરવાનું છે.' એટલે બાળકે પ્રાથમિક શાળા દરમિયાન શીખેલું આ બાળગીત સમય જતાં યુવાવસથા દરમિયાન તેને સમજાય છે.

"તું નાનો હું મોટો
એવો ખ્યાલ જગતનો ખોટો!
ખારા જળનો દરિયો ભરિયો,
મીઠા જળનો લોટો
તરસ્યાને તો મોટો લાગે
મીઠા જળનો લોટો!
નાના છોડે મહેલી ઊઠે
કેવો ગુલાબ ગોટો!
ઊંચા ઊંચા ઝાડ પરે પણ
મળશે તેનો જોટો?"

કવિયત્રી જાગૃતિ રામાનુજ લખે છે કે, "બાળક યંઞમાનવ ન બની જાય અને જીવન ઘડતરની દિશામાં તેનો રસ વધુને વધુ પાંગરે એવું બાળ સાહિત્યનું સર્જનકાર્ય એ જ બાળસાહિત્યકારની જવાબદારી છે." અને તે માટે આપણા લેખકો અને કવિઓએ પ્રયત્નપૂર્વક ખંતથી બાળસાહિત્યની રચનાઓ લખી છે. બા-દાદી પાસે રસપૂર્વક વાર્તા સાંભળતા બાળકોને મન તો વાર્તા એટલે જાણે મિજબાની, મિઠાઇ પણ તેમને વાર્તા આગળ મોળી લાગે! 'મિયાં ફુસકી' અને 'તભા ભટ્ટ' દ્વારા બાળકોમાં લોકપ્રિય બનેલા જીવરામ જોષી તો લખે છે કે, "ગુણલક્ષી પુસ્તકોનું વાંચન ભિખારીને પણ રાજા બનાવી શકે છે." માટે જ બાળકોને મા-બાલ જેવા સારાં કપડાં અપાવે, સારું ખાવાનું અપાવે એમજ મા-બાપે બાળકોને સારાં પુસ્તકો અપાવવાં જોઇએ. બાળખ તરફ મોટાંની ફરજ માત્ર વાલી તરીકેની જ નથી પરંતુ સમાજના નાગરિક તરીકેની પણ છે. બાળક એ તો માનવજાત પર ખુદ પરમાત્માએ લખેલો પ્રેમપત્ર છે. કવિ દલપતરામની આ કવિતા મોટાંઓને પણ વિચારવા યોગ્ય છે અને જીવનમાં ચરિતાર્થ કરવા યોગ્ય છે -

"ઊંટ કહે - આ સભામાં, વાંકા અંગવાળા ભૂંડા;
ભૂતળમાં પક્ષીઓને પશુઓ અપાર છે;
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ;
અન્યનું તો એક વાંકુ, આપનાં અઢાર છે."

આપણે બાળકનો બારખડી શીખવીએ છીએ. પ્રભુની પ્રાર્થના અને ગણિતના દાખલા શીખવીએ છીએ. ચંદ્ર પર ઉતરાણની વાત કરીએ છીએ. પણ ક્યારેક એ બાળકને એવું કહેતા નખી કે, તું સાચે જ અદ્‌ભુત છે! ક્યારેક એ દૃષ્ટિએ એને જોતા નથી કે બાળક એ આ વિશ્વમાં આવેલો એક નવીન અને વિશિષ્ટ શક્તિપુંજ છે. અને આ તમામ વાતો તેમને બાળગીતો અને બાળવાર્તાઓ દ્વારા અત્યંત સહજતાથી સમજાવી શકાય! બાળકને આપણે કલ્પનાના ઉડ્ડયનના બદલે ગોખણપટ્ટીથી ભરી દઇએ છીએ. ભય અને સજાથી ડરાવીએ છીએ. પરંતુ એ બાળકને તેના ભીતરમાં પડેલી આ શક્તિઓની ઓળખ આપીએ છીએ ખરા? આ દિશામાં શુભ શરૂઆત વહેતી કરીએ એટલું હિતાવહ છે. ચાલો, આપણું જીવન બાલકેન્દ્રી બનાવીએ. આજના તંદુરસ્ત બાળકો જ આવતીકાલના સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકશે!

આજના તંદુરસ્ત બાળકો જ આવતીકાલના સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકશે!